# આંખના બન્ને ખૂણા ભીના થયા, ત્યારથી એ રીસ પણ ચડતી નથી!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

નવસારીના શૈલેષ પાર્કના ટેનામેન્ટ નંબર સાતમાં રહેતા અનિલભાઈ ખાધેપીધે સુખી હતા. હાઈસ્કૂલમાં શિક્ષક તરીકેની એમની નોકરી એટલે દોડધામ વગરની જિંદગી. એમનો દીકરો ભાર્ગવ પણ પાંચ વરસનો થયો ત્યારે અનિલભાઈની પત્ની સુધાએ એક દીકરીને જન્મ આપ્યો અને ઘરમાં ખુશીઓની છોળ ઊડી. જો કે નવજાત દીકરી એટલી નાજુક હતી કે સુધાને પણ એને હાથમાં લેતા બીક લાગતી. ''તું ચિંતા ન કર,'' અનિલભાઈ સુધાને કહેતા, “હજી તો જન્મી છે, ધીમે ધીમે લોહી ભરાતું જશે એટલે શરીર જાડું થશે જ.'' ધીમે ધીમે સમય પણ પસાર થતો રહ્યો પણ દીકરી જાડી ન થઈ. જન્મના મહિના પછી એનું નામ પાડ્યું - સીમા.

સીમા ભલે દૂબળી હતી, એને વારંવાર ખાંસી થઈ જતી, બાથરૂમની તકલીફ થતી પણ એના ભાઈ ભાર્ગવને એ અતિશય વ્હાલી હતી. હવે તો ભાર્ગવ શાળાએથી છૂટીને તરત સીમાને તેડીને રમાડવાનું કામ સૌથી પહેલાં કરતો.

સીમા પછીના સમયગાળામાં ચાલતી પણ થઈ ગઈ. એને ચાલતા શીખવ્યું ભાર્ગવે.

ભાર્ગવ સીમાના બન્ને હાથ પકડીને એને ચલાવતો, પછી ધીમે ધીમે એક હાથ પકડીને ચલાવતો અને છેલ્લે એનો હાથ પકડયા વિના જ સીમા ચાલતી હતી!

થોડી મોટી થયા પછી પણ સીમા દૂબળી જ રહી. એની ખાંસી, અશક્તિ, થાક - આ બધું એનું એ જ રહ્યું એટલે અનિલભાઈને ચિંતા થઈ.

“સુધા,'' એક સાંજે એમણે કહ્યું, “કાલે આપણે સીમાને ડૉક્ટરને બતાવી આવીએ. આટલી નાની છોકરી તો દોડાદોડી કરતી હોય, એના બદલે....''

“જઈશું,'' સુધા બોલી, “કાલે જ આપણે બાળકોના સ્પેશ્યાલિસ્ટને બતાવી આવીશું. એ કહે એ પ્રમાણે દવા પણ ચાલુ કરી દઈશું.''

બીજા દિવસે અનિલભાઈએ સ્કૂલમાં રજા મૂકી અને સીમાને અને સુધાને લઈને એ શહેરના પ્રખ્યાત બાળકોના ડૉક્ટરની હોસ્પિટલ પર ગયા.

ડૉક્ટરે અનિલભાઈની વાત સાંભળીને સીમાનો એક્સ-રે લીધો, બ્લડટેસ્ટ, યુરિન ટેસ્ટ એવા જાત જાતના ટેસ્ટ પણ કરાવ્યા. “આપણે એના બધા ટેસ્ટ કરાવ્યા,'' ડૉક્ટર ફાઈલ ટેબલ પર મૂકતા બોલ્યા, “પણ એને કોઈ રોગ નથી કે ખરાબી નથી. માત્ર અશક્તિ છે. હું શક્તિની દવાઓ લખી આપું છું, એ નિયમિત આપતા રહેજો, વાંધો નહીં આવે અને હા, એ એકદમ દોડતી થઈ જશે એવું પણ ન ધારી લેતા. ધીમે ધીમે ફેર પડતો જશે. ધીરજ રાખજો. મહિના પછી બતાવી જજો.'' દવાઓથી સીમાને થોડો ફેર પડયો એટલે સુધાને શાંતિ થઈ. બીજે મહિને એને ફરી હોસ્પિટલ બતાવી આવ્યા ને ડૉક્ટરે ફરી એની એ દવા ચાલુ રાખવાનું કહ્યું. સમય ક્યાં કોઈનાથી બંધાય છે? એ તો વહેતો રહ્યો ને સીમા પાંચ વરસ પાર કરી ગઈ. હવે એને સ્કૂલમાં એડમિશન અપાવીને પહેલા ધોરણમાં દાખલ કરવાનું કામ પણ અનિલભાઈએ પતાવ્યું. સીમાને મૂકવા માટે અને લેવા માટે ભાર્ગવ જતો. હવે એણે એન્જિનિયરીંગ કોલેજમાં એડમિશન લીધું હતું પણ સીમાને લેવા-મૂકવાનો સમય એને અનુકૂળ આવતો હતો.સીમા શરીરની દ્રષ્ટિએ તો નબળી હતી જ પણ અભ્યાસની દ્રષ્ટિએ પણ નબળી હતી. માંડ માંડ એણે સાતમું ધોરણ પસાર કર્યું અને હવે એ હાઈસ્કૂલમાં આવી. હાઈસ્કૂલનું વાતાવરણ સીમાને નવું જ લાગ્યું. સ્કૂલમાં શાંતિ હતી પણ અહીં ધમાધમ લાગતી હતી. જાતજાતના વિદ્યાર્થીઓ એને જોવા મળ્યા. પહેલે દિવસે એ કલાસમાં ગઈ ત્યારે જ બધાનું ધ્યાન એના તરફ ખેંચાયું. આટલી દૂબળી છોકરી કલાસમાં કે શાળામાં કોઈ ન હતી! “એઈ...'' રિસેસમાં એના વર્ગની એક છોકરી એની પાસે આવી, “તારું નામ શું છે?''

''મારું નામ સીમા છે. સીમા આચાર્ય,'' સીમા બોલી, “તારું નામ શું છે?''“મારું નામ ભાવના છે,'' પેલી છોકરી બોલી, “ભાવના મીણા. હું રાજસ્થાનના ડુંગરપુરથી આવું છું.''''ડુંગરપુરથી?'' સીમાએ આશ્ચર્યથી પૂછ્યું, “છેક રાજસ્થાનથી રોજ કઈ રીતે આવે છે?''

“અરે મૂરખી,'' ભાવના બોલી, “રોજ નથી આવતી, અહીં સરકારી હોસ્ટેલમાં રહું છું. મારાં મમ્મી અને પપ્પા સુરતમાં કામ કરે છે, પહેલાં અહીં હતાં. એમણે મને અહીં હોસ્ટેલમાં મૂકી છે. બહુ સરસ હોસ્ટેલ છે. તને જોવા લઈ જઈશ.'' પહેલા જ દિવસથી સીમા અને ભાવનાની દોસ્તી જામી ગઈ. સીમા ઘેરથી રોજ કશુંક ખાવાનું લાવતી ને ભાવના સાથે બેસીને એ ખાતી.

સીમા એક દિવસ એની રૂમ પર ગઈ. ભાવનાએ સરસ



રીતે રૂમ સજાવ્યો હતો. સીમા તો એ જોઈને ખુશ થઈ ગઈ. “ભાવના,'' સીમાએ કહ્યું, ''તું મારા ઘેર આવજે ને મારો રૂમ પણ તારા રૂમ જેવો જ સરસ સજાવી દેજે.'' “ચોક્કસ,'' ભાવના બોલી, “અમે શનિ-રવિ ડુંગરપુર જવાના છીએ, ત્યાંથી હું શણગાર માટેની વસ્તુઓ લેતી આવીશ.'' સીમા ખુશખુશાલ થઈ ગઈ. હવે એને ભાવનાનું ઘેલું લાગ્યું ને ભાવનાને પણ સીમાનું ઘેલું

**છ મહિના પસાર થયા પછી કોલેજ તરફથી ડાંગનો પ્રવાસ ગોઠવાયો. સીમા એમાં જોડાવા તૈયાર હતી. ભાવના પણ તૈયાર હતી પણ એની પાસે સગવડ નહોતી. સીમાએ ઘેર વાત કરી અને અનિલભાઈએ બન્નેના પૈસા કોલેજમાં ભરી દીધા**

લાગ્યું. શાળામાં બન્ને એકબીજાની સાથે જ ફરતા. લેસન પણ સાથે જ બેસીને કરતા, નાસ્તો પણ સાથે જ કરતા.

શનિ-રવિ ડુંગરપુર જઈ આવ્યા પછી ભાવના સીમા સાથે એના ઘેર ગઈ. સુધાબહેન તો ભાવનાને જોઈને ખુશ થઈ ગયાં. એમને લાગ્યું કે, આ છોકરી મારી સીમાની કેટલી કાળજી લે છે! ભાવનાએ સીમાનો રૂમ સરસ રીતે શણગારી દીધો. એ જ વખતે કોલેજથી આવેલા ભાર્ગવે પણ સીમાનો રૂમ જોયો. એણે ભાવનાને અભિનંદન આપ્યા.

એ દિવસે સવારે ભાવના સીમાને ત્યાં જ જમી. બપોરે એણે સીમાના રૂમમાં જ સમય પસાર કર્યો. સુધાએ એને સાંજના જમીને જવાનું કહ્યું. ભાર્ગવ એને મૂકવા હોસ્ટેલ આવશે એમ પણ કહ્યું, ને ભાવના મોડી સાંજે ભાર્ગવ સાથે હોસ્ટેલ ગઈ.

હવે તો ભાવના અવારનવાર સીમા સાથે એના ઘેર આવતી. અનિલભાઈને, સુધાને અને ભાર્ગવને પણ એનું વર્તન ગમતું. એ ઘરમાં કશુંક ને કશુંક કામ કર્યા કરતી. સુધા ઘણી ના પાડે તો પણ વાસણ ઉટકવા એ સુધાની સાથે બેસી જતી. શાળાનો અભ્યાસ પૂરો થયો ને બન્ને ગાર્ડા કોલેજમાં દાખલ થયાં. બન્નેનો વર્ગ એક જ હતો ને બન્નેનો વિષય પણ ગુજરાતી જ હતો.

પહેલા વર્ષની પરીક્ષા નજીક આવી ને સીમા અને ભાવના તૈયારીમાં મચી પડ્યાં. સીમા હોંશિયાર નહોતી પણ ભાવનાના સંગે એ પણ મહેનત કરતા શીખી ગઈ હતી એટલે પરીક્ષા પતી ને પરિણામ આવ્યું ત્યારે એ સારા માર્કસથી પાસ થઈ હતી. પછી તો બીજું વરસ પણ પત્યું ને ત્રીજું વરસ શરૂ થયું. આ છેલ્લું વરસ હતું એટલે તૈયારી પણ વધારે માગી લે. સીમા ને ભાવના બન્ને આ વાત સમજતાં હતાં એટલે શરૂઆતથી જ એમણે પરીક્ષાને ધ્યાનમાં રાખીને અભ્યાસમાં મન પરોવ્યું. જો કે એ બન્નેનો સાથ એવો ને એવો જ રહ્યો. સીમાને હવે થાક વધારે લાગતો હતો. ભાવનાને સાઈકલ સરસ આવડતી હતી એટલે અનિલભાઈએ ભાવનાને એક નવી સાઈકલ અપાવી અને સીમાને રોજ ઘેર એના પર મૂકી જવાનું સૂચવ્યું, ને ભાવના તો ખુશ થઈ ગઈ. કોલેજ જતી વખતે તો ભાર્ગવ સીમાને મૂકી જતો ને વળતા ભાવના સાઈકલ પર એને ઘેર મૂકી જતી.

હવે તો મોટેભાગે ભાવના સીમાને ઘેર જ સવારે જમી લેતી. કોલેજના ત્રણ વરસ તો પૂરાં પણ થઈ ગયાં ને સીમા ને ભાવના બન્ને ગ્રેજ્યુએટ પણ થઈ ગયાં. ભાવનાની ઈચ્છા એમ.એ. કરવાની હતી એટલે સીમા પણ એની સાથે જોડાઈ. બન્નેએ એમ.એ. પાર્ટ-૧ માં ગુજરાતી અને સંસ્કૃત વિષય સાથે એડમિશન લીધું. જૂનમાં વર્ગો પણ શરૂ થઈ ગયા અને બન્નેનો અભ્યાસ પણ શરૂ થઈ ગયો. છ મહિના પસાર થયા પછી કોલેજ તરફથી ડાંગનો પ્રવાસ ગોઠવાયો. સીમા એમાં જોડાવા તૈયાર હતી. ભાવના પણ તૈયાર હતી પણ એની પાસે સગવડ નહોતી. સીમાએ ઘેર વાત કરી અને અનિલભાઈએ બન્નેના પૈસા કોલેજમાં ભરી દીધા. પ્રવાસમાં બન્નેને ખૂબ મઝા પડી. આદિવાસી વિસ્તારો સીમાએ પહેલી વાર જોયા. “સીમા,'' ભાવનાએ કહ્યું, “અમારે ડુંગરપુરમાં આવું જ છે. અમે પણ આદિવાસી જ છીએ.''“સારું કહેવાય,'' સીમા બોલી, “મને તો આ કલ્ચર ગમે.'' પ્રવાસમાંથી પાછા આવીને બન્ને અભ્યાસમાં પરોવાયાં. પરીક્ષા નજીક આવતી ગઈ, એમ સીમાની નબળાઈ વધતી ગઈ. વાર્ષિક પરીક્ષા શરૂ થઈ. સીમા લખતા લખતા પણ ધ્રુજતી હતી એટલી નબળાઈ એને દેખાતી હતી. છેલ્લા પેપર વખતે તો એ બેભાન થઈને ઢળી પડી. તરત જ એને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. અનિલભાઈ, સુધા ને ભાર્ગવ હોસ્પિટલ પહોંચી ગયાં. ભાવનાનું પેપર હજી પૂરું નહોતું થયું. ડૉક્ટરે ઈન્જેક્શન આપ્યાં ને સાંજે સીમા ભાનમાં આવી.એ ભાનમાં આવી એ પછી એના જાતજાતના ટેસ્ટ શરૂ થયા. સોનોગ્રાફી પણ કરાઈ. બધા ટેસ્ટ પત્યા ત્યારે ડૉક્ટરે અનિલભાઈને બોલાવ્યા. “અનિલભાઈ,'' ડૉક્ટર બોલ્યા, “તમને કદાચ ખબર નહીં હોય પણ સીમા નાનપણથી જ એક કીડની પર જીવે છે! એની એક કીડની જન્મ પછી ડેવલપ થઈ જ નથી એટલે જ આટલા વરસ એણે સહન કર્યું.''

“ઓહ....'' અનિલભાઈ બોલ્યા, “આવું પહેલી વાર બન્યું એટલે અમે એને દૂબળી છે એમ જ માનતા હતા.''

“અત્યાર સુધી તો બરાબર છે,'' ડૉક્ટર બોલ્યા, “પણ ખરી તકલીફ હવે છે. એના બેભાન થવાનું કારણ પણ એ જ છે કે હવે એની જે સારી કીડની છે એ પણ બરાબર કામ નથી કરતી. એને જેમ બને એમ જલ્દી કીડની બદલવી પડશે અને કીડની ન બદલાય ત્યાં સુધી એને દર અઠવાડિયે અહીં ડાયાલિસિસ માટે લાવવી પડશે.'' અનિલભાઈ, સુધા ને ભાર્ગવ સ્તબ્ધ થઈ ગયાં. આઘાત પચાવી શકવાની એકેયની હિંમત નહોતી. “ડૉક્ટર,'' અંતે અનિલભાઈ બોલ્યા, “બીજી કીડની કઈ રીતે મેળવાય?'' “એ હવે અઘરું થઈ ગયું છે,'' ડૉક્ટર બોલ્યા, ''અમદાવાદ સિવિલમાં કેડેવરમાં નામ નોંધાવો તો વરસે કે બે-પાંચ વરસે પણ ચાન્સ લાગે.'' “તો બીજો રસ્તો કયો છે?'' ભાર્ગવે પૂછ્યું.

“તમારામાંથી કોઈ એને કીડની આપે, તો એ શક્ય છે,'' ડૉક્ટર બોલ્યા, “કોઈ પણ વ્યક્તિ સ્વેચ્છાએ એને કીડની આપી શકે.''

“હું એને મારી કીડની આપીશ ડૉક્ટર,'' ભાર્ગવ બોલ્યો, “મારે એના માટે શું કરવું પડશે?''

“તમારી કીડની મેચ થાય છે કે કેમ એ માટેના ટેસ્ટ કરવા પડશે,'' ડૉક્ટર બોલ્યા, “જો મેચ થઈ જશે તો તો ઓપરેશન આવતા વીકમાં જ થઈ જશે''

“તો આજે જ,'' ભાર્ગવ બોલ્યો, “અત્યારે જ મારા ટેસ્ટ કરી લો એટલે ખબર પડે દોડાદોડી કરવાની.''

બીજા દિવસે ભાર્ગવના ટેસ્ટ થયા ને પરિણામ આવ્યું - ભાર્ગવની કીડની સીમાને ચડાવી શકાશે!

ભાર્ગવ ખુશ થઈ ગયો પણ સુધા અને અનિલભાઈ હજી અવઢવમાં હતાં. પંદર દિવસ પછીની તારીખ ડૉક્ટરે ઓપરેશન માટે આપી. બધા પંદરમા દિવસે સવારના હોસ્પિટલ પહોંચ્યાં. “સાહેબ,'' સીમાને દાખલ કર્યા પછી ભાર્ગવ બોલ્યો, “હવે મારું ઓપરેશન કરીને કીડની ક્યારે લેવાની છે?'' “ભાર્ગવભાઈ,'' ડૉક્ટર બોલ્યા, “તમારે હવે કીડની આપવાની નથી.'' “કેમ?'' ભાર્ગવને ધ્રાસકો પડયો, “કેમ મારે નથી આપવાની?''

“કેમ કે બીજી એક વ્યક્તિએ આગ્રહપૂર્વક પોતાની કીડની આપી છે,'' ડોક્ટર બોલ્યા, “એનું ઓપરેશન પતી ગયું છે, કીડની લેવાઈ ગઈ છે ને હવે એ કીડની સીમાને ચડાવવાનું ઓપરેશન શરૂ થશે.'' “પણ.... પણ...'' અનિલભાઈ બોલ્યા, “મારી સીમા માટે કોણે કીડની આપી?''

“એની બહેનપણી ભાવનાએ,'' ડૉક્ટર બોલ્યા, “ભાર્ગવ કીડની આપવાનો છે એ સાંભળીને એને આઘાત લાગ્યો હતો ને એણે પોતાની કીડની આપી. હજી એ ભાનમાં નથી આવી, બપોર પછી તમે એને મળી શકશો.'' સાંજના સીમાનું ઓપરેશન પણ પૂરું થઈ ગયું. ભાર્ગવ, અનિલભાઈ અને સુધા હવે ભાવના પાસે ગયાં. ભાવના પલંગમાં સૂતી હતી, એના ચહેરા પર હાસ્ય હતું.

એક અઠવાડિયા પછી બન્નેને રજા અપાઈ અને બધા અનિલભાઈના ઘેર આવ્યા. બે-ત્રણ દિવસ પછી તો સીમા અને ભાવના વાતો કરતા થઈ ગયા. એક સાંજે ડાઈનિંગ ટેબલ પર જમતી વખતે ભાર્ગવે ભાવના સામે જોયું.

“ભાવના,'' ભાર્ગવ બોલ્યો, “તેં જે કામ કર્યું છે એ કોઈ ન કરી શકે. હજી તું નાની છો, તારું સગપણ, લગ્ન બધું બાકી છે ને તેં કીડની આપી દીધી?'' “મારે મન સીમાથી વધુ કોઈ નથી!'' ભાવના બોલી. “તો હવે સૌ સાંભળો,'' ભાર્ગવ બોલ્યો, “આટલી સદગુણી છોકરી કોના ભાગ્યમાં લખી હશે? હું એને ખોવા નથી માગતો. હું એની સાથે લગ્ન કરવા માગું છું. આજે જ સુરત ભાવનાને લઈને આપણે જઈશું, અને એનાં મા-બાપ પાસે આપણે ભાવનાની માગણી કરીશું.'' એ વખતે ભાવનાની આંખના બન્ને ખૂણા ભીના થઈ ગયા હતા!

(શીર્ષકપંક્તિઃ હરીશ શાહ)